Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale | Retail | Export | Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૪૩ ● સળંગ અંક : ૧૦૩૨ ● પ્રકાશિત તા-૩-૧૦-૨૦૨૪,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## અમિત શાહ આજે વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે

અમદાવાદ : ગરબા એટલે ગુજરાતની ઓળખ. જેણે ગુજરાતને જેને ગ્લોબલ ઓળખ અપાવી છે. ત્યારે આ ગરબા ઉત્સવને ઘામધૂમથી ઉજવવા માટે દર વર્ષે વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટીવલ ઉજવવામાં આવે છે. ત્યારે અમદાવાદના જીએમડીસી ખાતેથી તા. ૦૩ ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહ મંત્રીરી અમિત શાહના હસ્તે તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં 'વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલ-૨૦૨૪'નું શુભારંભ કરાશે. વર્ષ-૨૦૨૨માં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા જીએમડીસી અમદાવાદ, ખાતે આયોજિત 'વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ'માં અંદાજિત ૧૧.૫૨ લાખથી વધુ નાગરિકોએ મુલાકાત લીધી હતી, જ્યારે વર્ષ-૨૦૨૩માં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા જીએમડીસી, અમદાવાદ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજિત ૧૨.૭૧ લાખથી વધુ નાગરિકોએ મહોત્સવ સ્થળની મુલાકાત લીધી હતી, એટલે કે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં છેલ્લા બે વર્ષમાં મુલાકાતીઓની સંખ્યામાં અંદાજિત ૧૧ ટકાનો વધારો જોવા મળ્યો હતો તેમ, પ્રવાસન વિભાગની યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુમાં આ વર્ષે 'વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલ-૨૦૨૪'ના ઉદઘાટન સમારોહ દરમિયાન 'જય માં આદ્યાશક્તિ'ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહા આરતી યોજાશે. આ ઉપરાંત તા.૪ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન રાત્રે ૯ વાગ્યાથી ૧૧.૪૫ કલાક સુધી ગુજરાતના પ્રસિદ્ધ કલાકારો-ગાયકો દ્વારા અનેક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે. જીએમડીસી ખાતે રાત્રે ૧૧.૪૫ કલાકે મહા આરતી યોજાશે. વાયબ્રન્ટ નવરાત્રી ફેસ્ટિવલમાં થીમ પેવેલિયન, હસ્તકલા બજાર, ફૂડ સ્ટોલ, બાલ નગરી, વિવિધ થીમ આધારીત ગેટ વગેરે જેવા મુખ્ય આકર્ષણો પણ બનાવવામાં આવ્યા છે જેની નાગરિકોને મુલાકાત લેવા પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવશે. જેમાં નવરાત્રિના પ્રારંભમાં અમિત શાહ ગુજરાત આવશે. ૩ અને ૪ ઓક્ટોબર બે દિવસના પ્રવાસે આવશે. માણસા ખાતે કુળદેવી બહુચર માતાજીના દર્શન કરશે. પરિવાર સાથે બહુચર માતાના મંદિરે આરતી-પૂજા કરશે. તેમજ ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં પણ હાજરી આપશે. જેમાં અમિત શાહ અડાલજમાં આરોગ્ય ધામનું લોકાર્પણ કરશે. ૩ તારીખે સાણંદ ધારાસભ્યના કાર્યાલયને ખૂલ્લું મુકશે. તથા બપોરે ૧૨ કલાકે કનુ પટેલના કાર્યાલયને ખૂલ્લું મુકશે. તેમજ ૩ તારીખે અમદાવાદ ઝ કચેરીનું લોકાર્પણ કરશે. ભાડજની શાળાનું લોકાર્પણ સાથે જાહેર સભાનું આયોજન છે. ૩ તારીખે અમદાવાદ GMDC ખાતે અમિત શાહ હાજર રહેશે. વાઈબ્રન્ટ નવરાત્રીના કાર્યક્રમમાં અમિત શાહ હાજર રહેશે. અમદાવાદ મનપાના કરોડોના પ્રોજેકટના ખાતમુહૂર્ત કરશે. ૪ તારીખે ADC બેંકના કાર્યક્રમમાં અમિત શાહ હાજરી આપશે. ૪ તારીખે સાંજે અમિત શાહ માણસા કુળદેવીના દર્શને જશે. સંસદીય વિસ્તારના અન્ય વિકાસકાર્યોમાં હાજરી આપશે. જેમાં ગાંધીનગર લોકસભામાં વિવિધ જાહેર કાર્યક્રમોમાં પણ હાજરી આપશે. તેમજ અડાલજ ખાતે નવનિર્મિત આરોગ્ય ધામના લોકાર્પણ તથા ૩ તારીખે બપોરે ૧૨ કલાકે સાણંદ ધારાસભ્ય કનું પટેલના કાર્યાલયને ખુલ્લું મૂકશે. તેમજ અમદાવાદ કોર્પોરેશનના કરોડોના પ્રોજેક્ટના ખાત મુહર્ત કરશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો.કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ.
ગણપતિ, માતાજી
તથા લાલજીના
વસ્ત્ર શણગાર
નવરાત્રી-દિવાળી સ્પેશીયલ અગરબત્તી ધુપ
મુગટ-ગાદીસેટ-પારણાં-સિહાંસન-મોરલી-કુંડળ
માતાજીનો શણગાર-ફેન્સી ચુંદડી-પવિત્રા-લેટેસ્ટ હાર
સ્પે.અત્તર-સુગંધીદાર અગરબત્તી-ધુપ-યંત્ર તથા
દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
M : 9978274760

JIGISHA Speciality Hospital
SINCE 1997 | COMMITED TO CARE
25+ YEARS EXPERIENCE
જીગીશા
સ્પેશ્યાલિટી હોસ્પિટલ


ડો. જીગ્નેશ સી. શાહ
M.D. (Gynec)
ડો. જીગીષા જે. શાહ
M.D., D.G.O.
ડો. રીયા શાહ
M.S. (Gynec), Gold Medalist
સ્વસ્થ સ્ત્રી એટલે સ્વસ્થ પરિવાર

પ્રિમિયમ રૂમ
ઓપરેશન થિયેટર
આધુનિક ફેસિલિટી
3D-4D સોનોગ્રાફી
20,000+ દર્દીઓનો વિશ્વાસ
10,000+ સફળ ઓપરેશન
8000+ બાળકોની ડિલિવરી
30+ સક્ષમ કર્મચારી
૩૦૧, શિવાલીક સ્કેવર, સીએનજી પંપ પાસે,
૧૩૨ફુટ રીંગ રોડ, નવા વાડજ, અમદાવાદ-૧૩.
એપોઈન્મેન્ટ માટે સંપર્ક કરો : 94086 54800,97230 54800

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## નવરાત્રીને પણ મોંઘવારીનું ગ્રહણ

# ગરબાના ફ્રી પાસ આપવાનો આયોજકોનો સાફ નનૈયો

### નવરાત્રીના નવ દિવસના પાસનું પેકેજ રૂ.૩૫૦૦૦ સુધી પહોંચ્યુ

શહેરમાં નવરાત્રી મહોત્સવ માટે ગરબા આયોજકો તડામાર તૈયારી કરી રહ્યા છે કારણ કે, નવરાત્રી મહોત્સવ આડે હવે ગણતરીના દિવસ જ બાકી રહ્યા છે. અમદાવાદ સહિત રાજ્યભરના ખેલૈયાઓને આ વખતે ગરબા રમવા મોંઘા પડશે કારણ કે, આયોજકોને આ વર્ષે નવરાત્રી મહોત્સવ દરમિયાન ફાયર સેફ્ટીથી લઈને અનેક કાયદાનું કડક પાલન કરવું પડશે એટલું જ નહીં વરસાદની શક્યતાઓને ધ્યાને લઈને વોટરપ્રૂફ ડોમ પણ બનાવવા પડશે. આ બધાનો સરવાળો કન્યામની કેડ પરનો ભાર વધારશે એટલે કે આ વર્ષે ગરબાના પાસ ગત વર્ષની સરખામણીએ બમણા રહેશે. છતાં ગરબાપ્રેમીઓ ઉત્સાહપૂર્વક પાસ મેળવવા માટે પડાપડી કરી રહ્યા છે. જો કે, કેટલાક ખેલૈયાઓ ફ્રી પાસ મેળવવા એડી ચોટીની લાગવગ અને દૂર દૂરની ઓળખાણો કાઢીને પાસ માંગી રહ્યા છે. આયોજકોનો સ્પષ્ટ નનૈયો છે કે આ વર્ષે ઉત્સવ મોંઘો પડી રહ્યો છે. મહેરબાની કરીને ફ્રી પાસ માંગીને અમનો શરમાવશો નહીં. આ વર્ષે ધક્કામુક્કીની દુર્ઘટના ન થાય તે માટે અલગ અલગ પ્રવેશ એટલે કે એન્ટ્રી અને એક્ઝિટ ગેટ તથા હવાઉજાસવાળા પેસેજ બનાવવા સાથે પાર્કિંગની પૂરતી વ્યવસ્થા તથા ગરબા ગ્રાઉન્ડની અંદર તથા બહાર સીસીટીવીથી નજર રાખવામાં આવે એ સહિતના નિયમો બનાવાયા છે. આ ઉપરાંત ગરબામાં હજારો-લાખો લોકોની ભીડ થતી હોય છે. જેમકાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભીડને બહાર નીકળવા માટે ધક્કમૂક્કીની દુર્ઘટના ન થાય અહનો લોકોના જીવ જોખમાય નહીં તે માટે અલગ અલગ પ્રવેશ નિકાસ માટે જણાવાયું છે. રાજકોટના ગેમ ઝોનમાં આગ લાગવાની ઘટના બાદ અમદ ાવાદ શહેર સહિત રાજયની તમામ મહાનગરપાલિકા દ્વારા ફાયર સેફ્ટી માટેના કાયદા સખ્ત કરવામાં આવ્યા છે તે મુજબ હવેથી નવરાત્રી આયોજકોએ પંડાલમાં આવનારા ખેલાડીઓ માટે વ્યક્તિ દીઠ થોડી જગ્યા રહે તે રીતે સ્પેસ રાખવાની રહેશે. આવા અનેક નિયમોના પગલે નવરાત્રી આયોજકોને આ ઉત્સવ મોંઘો પડશે. જે ખેલૈયાના ખિસ્સા પર ભાર બનીને આવશે કારણ કે આવા તમામ ખર્ચની ગણતરી કરતા પાસ મોંઘા થયા છે. સાવ સામાન્ય સ્થળે પણ એન્ટ્રી ખૂબ મોંઘી હશે. આમ આ વર્ષે નવરાત્રીના નવ દિવસનું પાસનું પેકેજ રૂ.૩૫૦૦૦ સુધી પહોચ્યું છે. નવરાત્રી આયોજકો માટે અનેક નિયમો બહાર પાડવામાં આવી રહ્યા છે કે નહીં ? તે માટે દરેક ગરબા ડોમ અને આયોજનમાં ફાયર વિભાગના અધિકારીઓની ટીમ તૈનાત રહેશે. જો તેઓને બેદરકારી જણાશે તો તાત્કાલિક અસરથી ગરબા બંધ કરાવી દેવામાં આવશે. થર્મોકોલ સિન્થેટિક કાપડ સહિતની જે પણ જ્વલનશીલ વસ્તુઓ છે તે વાપરવાની રહેશે નહીં.

### ગરબા આયોજકો માટે આ વખતે ખૂબ કડક નિયમ

- આયોજકોએ મંડપ કોઈપણ પ્રકારની ભઠ્ઠી, ઈલેકટ્રીક સબ સ્ટેશન, ઈલેકટ્રીક ટ્રાન્સફોર્મર, ઈલેકટ્રીક હાઈટેન્શન લાઈન કે રેલવે લાઈનથી દૂર કરવાના રહેશે.
- આયોજકો કોઈપણ સ્ટ્રક્ચરની અંદર કોઈપણ સ્ટોલ બનાવી શકશે નહીં. તેમજ સ્ટ્રકચરની નજીક સ્ટેજના ભાગમાં આગ લાગી શકે તેવા પદાર્થનો સંગ્રહ કરી શકાશે નહીં.
- પંડાલમાં ફિક્સ પાર્ટીશન કરી શકાશે નહીં. ઈમરજન્સીમાં લોકો બહાર નીકળી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખવા પડશે.
- નવરાત્રી આયોજકો દ્વારા સીટિંગ વ્યવસ્થાથી બહાર નીકળવાનો રસ્તો રસ્તો ૧૫ મીટરથી વધારે ન હોવો જોઈએ.
- પંડાલની કેપેસિટી મુજબ વ્યક્તિઓને પ્રવેશ આપવાનો રહેશે. સીટિંગ વ્યવસ્થામાં સીટની ૧૦ રો અને ૧૦ બેઠક પછી પેસેજ રાખવો પડશે.
- પંડાલ કે સ્ટ્રકચરના પડદા અને કાર્પેટ તેમજ જમીન પર બિછાવવામાં આવેલું કાપડ પણ આગથી સુરક્ષિત રહે તે મુજબનું હોવું જોઈએ.
- નવરાત્રી દરમિયાન ફાયર એકસ્ટીંગ્વિશરનો ઉપયોગ કરનાર જાણકાર પ્રશિક્ષિત વ્યક્તિ રાઉન્ડ ધ કલોક ત્યાં હાજર રહેવી જોઈએ.

# મ્યુનિસિપલ કોર્પોરેશન આર્બીટ્રેશનની પ્રક્રિયા બંધ કરશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રોડ, પાણી, ગટર સહિતના કામોમાં કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટર વચ્ચે કોન્ટ્રાક્ટમાં થયેલા વિવાદમાં આર્બીટ્રેશન (લવાદ)માં કેસ કરવામાં આવે છે.જેમાં કોન્ટ્રાક્ટરોની તરફેણમાં જ ચુકાદો આવતો હોય છે. તેથી આર્બીટ્રેશનની પ્રક્રિયાને હવે મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી દૂર કરવામાં આવી છે. કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટર વચ્ચે થતા કોઈપણ વિવાદને હવે સીધો કોર્ટમાં કેસ ચલાવવા માટેની સૂચના આપવામાં આવી છે. તેમજ આર્બીટ્રેશનના હારી ગયેલા તમામ કેસો અંગેની વિજિલન્સ તપાસની માંગ લીગલ કમિટીના ચેરમેન દ્વારા કરવામાં આવી છે. મ્યુનિસિપલ લીગલ કમિટીના ચેરમેન પ્રકાશ ગુર્જર ના જણાવ્યા મુજબ છેલ્લા પાંચ વર્ષમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ૬૦ જેટલા કેસો કરવામાં આવ્યા છે.પરંતુ એક પણ કેસમાં કોર્પોરેશનની તરફેણમાં ચુકાદો આવ્યા નથી. વકીલ અને આરબીટ્રેટર એમ બંનેને રૂ. ૨.૫૦ કરોડ જેટલી માતબર રકમ ચૂકવી હોવા છતાં પણ કોન્ટ્રાક્ટરની તરફેણમાં ચુકાદો આવ્યા છે. કોર્પોરેશનમાં આર્બીટ્રેશનની જોગવાઈ નથી તેથી હવે આ પ્રક્રિયા દૂર કરવામાં આવી છે. મ્યુનિસિપલ કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટર વચ્ચે કોઈ પણ વિવાદ થાય તો સીધો કોર્ટમાં જ કેસ કરવામાં આવશે.જેનાથી આર્બીટ્રેશનમાં જે પણ સમય અને ફી નો ખર્ચો થાય છે તે ઓછો થઈ શકે અને વળતરનો દાવો સીધો કોર્ટમાં કરી શકાય છે. છેલ્લા પાંચ વર્ષમાં આ તમામ કેસો કેમ હારી ગયા તેની બેદરકારીને લઈ જેટલા પણ જવાબદાર અધિકારીઓ છે તે તમામની સામે વિજિલન્સ તપાસની માંગ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ કરવામાં આવી છે. સૌથી વધારે ૫૩ જેટલા વળતર અંગેના દાવા વિવિધ ઝોન અને પ્રોજેક્ટમાં રોડની કામગીરી કરતા કોન્ટ્રાકટર આકાશ ઈન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ નામની કંપની દ્વારા કરવામાં આવ્યાં છે. જેની રૂ. ૮૦ કરોડથી વધુની રકમના ચુકાદા કોન્ટ્રાક્ટરની તરફેણમાં કરાયા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન સામે સૌથી મોટો કેસ રૂ. ૧૩.૭૪ કરોડનો વળતરનો રણજિત બિલ્ડકોન નામની કંપનીએ બ્રિજ પ્રોજેક્ટ માટે કર્યો હતો જેમાં ૧૦.૦૮ કરોડનું વળતર ચૂકવવાનો ચુકાદો આર્બીટ્રિશન દ્વારા આપવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોન્ટ્રાક્ટર સાથે ચાલતા આર્બીટ્રેશનના કેસોમાં કોર્પોરેશનની વિરુદ્ધના ચુકાદા થયા હોવાનું સામે આવ્યું હતું. જેની વિગતો મેળવતા ધ્યાને આવ્યું હતું કે રૂ. ૧૪૫ કરોડના દાવાના ૬૦ જેટલા કેસ છેલ્લા પાંચ વર્ષમાં કરવામાં આવ્યા છે. જે તમામ કેસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની વિરુદ્ધમાં ચુકાદો આવ્યો છે. ૧.૬૫ કરોડ રૂપિયાની ફી આરબીટ્રેટરને ચૂકવવામાં આવી છે જ્યારે ત્યાંથી લાખ રૂપિયાની ફી વકીલોને આપવામાં આવી છે. જો કરોડો રૂપિયાની ફી ચૂકવવામાં આવતી હોય છતાં હારના પરિણામ મળ્યાં છે.


દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## સરકારની રિડેવલપમેન્ટ પોલીસી અને તેના અમલીકરણના મુદ્દે અનેક સવાલો

# હાઉસિંગ રિડેવલપમેન્ટને ઝડપી બનાવવા કેટલાંક સુચનો

હાઉસિંગ કોલોનીઓના રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં જો સમગ્ર ગુજરાતમાં ખૂબ ઝડપ લાવવી હોય તો કેટલાક સૂચનો છે તેની ઉપર સરકારી સંસ્થા અને સરકારે વિચારવું જોઈએ.

૧.રિડેવલપમેન્ટની પ્રક્રિયાની શરૂઆતમાં સંમતિ જમા કરાવવાની પ્રક્રિયા ખૂબજ જટિલ છે, સંમતિઓની ફાઈલ હાઉસિંગ બોર્ડની વિવિધ બ્રાન્ચોમાં કારણ વગર ઉપર નીચે ફરતી હોય છે, કયાંક ઘણીવાર બ્રાન્ચ વાઈઝ ફરવાથી ફાઈલો ગુમ થઈ જાય છે, જેથી સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરવી જોઈએ, જેથી સંમતિ જમા કરાવવાની પ્રક્રિયા સરળ થઈ શકે.

૨. હાઉસિંગ બોર્ડ દ્વારા શરૂ કરાયેલ રિડેવલપમેન્ટ સેલનું કોઈ ખાસ નક્કર પરિણામ ન લઈ શકવાને કારણે ગ્રાઉન્ડ ફલોરથી લઈનો બોર્ડની ઓફિસમાં છઠ્ઠા માળે અથવા સાતમા માળે શીફ્ટ કરવો જોઈએ, જેથી અધિકારીઓની સીધી દેખરેખમાં કામગીરી થઈ શકે.

૩.દસ્તાવેજની પ્રક્રિયા પણ વર્ષોજુની હોવાનું જાણવા મળ્યું છે જેનાથી અરજદાર મહિનાઓ સુધી ધક્કા ખાય છે, જેથી રિડેવલપમેન્ટમાં જતી સોસાયટીઓના કિસ્સામાં દસ્તાવેજ માટે ખાસ સિસ્ટમ ઉભી કરવી જોઈએ, જેથી રિડેવલપમેન્ટ પ્રક્રિયા સરળ અને ઝડપી બની શકે.

૪.સરકાર દ્વારા રાજયમાં પબ્લિક અને પ્રાઈવેટ બંને ક્ષેત્રે રિડેવલપમેન્ટ ઝડપી બંને તે માટે એક કમિટી કે એક વ્યક્તિ નિયુક્ત કરવા જોઈયે. જેનું કામ ફક્ત અને ફક્ત રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં સરળીકરણ લાવવાનું હોવું જોઈએ.

૫.હાઉસિંગ કોલોનીઓમાં કાયમી હાઉસિંગ ચેરમેન આપવા જોઈએ, જે નારણપુરા વડી કચેરીએ પ્રજાને મળી શકતા હોવા જોઈએ. ચેરમેન પદ પર એવી વ્યક્તિ હોવી જોઈએ જે પ્રજાની વચ્ચેના હોય, સામાજીક કે રાજકીય આગેવાન હોય તો વધુ સારું. પબ્લિક પ્રતિનિધિ હોવાથી રોજરોજની પ્રજાની સમસ્યા જાણી સમજી તે મુજબ સરકાર અને પ્રજા વચ્ચે સેતુ બની કામ કરી શકે.

૬.ગુ.હા.બોર્ડમાં પબ્લિકમાંથી રિડેવલપમેન્ટ વિષય જાણકાર કે અનુભવી સામાજિક આગેવાનને ડિરેક્ટર બનાવવા જોઈયે. જેથી પ્રજાના અવાજ ને કે તંત્રની મર્યાદાઓને યોગ્ય જગ્યાએ પહોચાડવામાં સરળતા રહે.

૭.ગુ હા.બોર્ડમાં રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં સ્ટાફની ખૂબ અછત છે તે દૂર થવી જોઈએ.કામની યોગ્ય વહેંચણી અને તેનું નિરીક્ષણ થતું રહે તો અધિકારીની કાર્યદક્ષતા વધશે.

૮.રિડેવલપમેન્ટ પ્રક્રિયા સરળ અને ઝડપી થાય તેવા સુધારા કરવા જોઈયે. દરેક કાર્યની જવાબદરી અને સમય મર્યાદા નક્કી થવી જોઈયે અને તેનું ભેદભાવ રહિત પાલન થવું જોઈએ.

૯.અધિકારીઓની સમયે સમયે આંતરિક અને અલગ અલગ શહેરમાં બદલીઓ થતી રહેવી જોઈએ. જેથી જ્ઞાન અને અનુભવનો લાભ એક બીજી કચેરી તથા ત્યાંના સ્ટાફને મળતો રહે તો થોડા વર્ષોમાં આખા ગુજારતમાં બધી કચેરી સક્રિય અને કાર્યદક્ષ થઈ જશે. તેમજ કોઈ એક જગ્યા પર કોઈ અધિકારી પર ભ્રષ્ટાચારનો આરોપ કે આશંકા ના લાગે તંત્રની છબી ખરડાય નહિ.

૧૦.રિડેવલપમેન્ટ વિષયને લઈ તંત્ર દ્વારા સામૂહિક કે ઈવેન્ટ દ્વારા કે અન્ય માધ્યમ દ્વારા સમગ્ર રાજયમાં રિડેવલપમેન્ટ પોલિસી, પ્રક્રિયા અને લાભાલાભ નો પ્રચાર પ્રસાર કરવામાં આવે.

૧૧.રિડેવલપમેન્ટ વિષયે અસંમત સભ્યો માટે કડક કાર્યવાહી થાય, વધારાના બાંધકામ અને જમીન દબાણ માટેના તોડફોડ ના નિયમો ઠરાવો સમયની માંગ સાથે બનાવવામાં આવે અને તેનું કડક અમલીકરણ થાય તેવી પ્રક્રિયા થાય તેવી સિસ્ટમ ડેવલપ કરવી જોઈએ.

૧૨. રિડેવલપમેન્ટમાં જોડાતી તમામ સોસાયટીઓ નવા મકાનની સોંપણી કરતી વખતે ફ્રી હોલ્ટ કરવા જોઈએ, જેથી ભવિષ્યમાં હાઉસિંગ બોર્ડ અને સરકારની જવાબદારી ઓછી થાય અને હાઉસિંગના રહીશો જમીન માલિક પણ બની શકે.

### હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન દ્વારા

## દસ્તાવેજ રાહત પેકેજ સમય અવધિ વધારવા સરકારને અપીલ

અમદાવાદ : હાઉસિંગ સોસાયટીના વિવિધ પ્રશ્નોને લઈને હરહંમેશ આગળ રહેતા એવા હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન વતી સંદિપ ત્રિવેધી જણાવે છે કે છેલ્લા ૨-૩ વર્ષ થી સતત દસ્તાવેજ માટેના વિશેષ રાહત પેકેજની માંગણી કરાતી હતી, અને બીજા ગ્રુપ કે સભ્યો પોત પોતાની રીતે પણ આ માટે પ્રયત્નો કરતા જ હશે. દરેકની મહેનત રંગ લાવી અને બધા સફળ થયા, ગુજરાતની પ્રજાવત્સલ સરકાર દ્વારા હાઉસિંગ રહીશોને ખૂબ સારા દસ્તાવેજ પેકેજની જાહેરાત નિશ્ચિત સમય મર્યાદા માટે કરાયેલ હતી. જેનો દરેક જરૂરિયાત વાળા લાભાર્થીએ અચૂક લાભ લેવો જોઈતો હતો અને દસ્તાવેજ કરાવી માલિકી હક્ક મેળવી લેવો જોઈતો હતો. તેમ છતાં તે તક નો લાભ મોટાભાગની પ્રજાએ ના લેતા થોડાક લોકો એ જ લીધો. અન્ય પ્રજા ભરવા કેમ તૈયાર નથી તેના પોત પોતાના અનેક અલગ અલગ કારણો છે. જેના લીધે હાઉસિંગ રહીશો એ દસ્તાવેજ પેકેજમાં બહુ રસ લીધો નહિ. ગુજરાત સરકારના આ દસ્તાવેજ પેકેજ નિર્ણય અને તેની સફળતાથી રિડેવલપમેન્ટની કાર્ય પદ્ધતિમાં અને વિકાસમાં ખૂબ ગતિ જરુર આવશે તેવી આશા સાથે સરકારને અપીલ છે કે રાહત પેકેજ થોડા વધારે સમય માટે લંબાવવામાં આવે અને પ્રજાને એક વધારે તક આપે, જેથી નાણાંકીય આયોજન કરી દસ્તાવેજ કરવી મકાન હકક ગરીબ પ્રજા મેળવી શકે. સમગ્ર ગુજરાતની હાઉસિંગ બોર્ડ વસાહતોના રહીશો વતી અમે આ દસ્તાવેજ પેકેજને વધારવા માટે માંગણી કરીએ છીએ, અને આશા રાખીએ છીએ કે ગુજરાતની પ્રજાવત્સલ સરકાર જરુર સકારાત્મક નિર્ણય લેશે.

### બે માળની સંપૂર્ણ એસી હોસ્ટેલમાં ૪૬ રૂમ હશે

## એસજી હાઈવે પર શહેરની પહેલી વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે

અમદાવાદ : અન્ય શહેરમાંથી નોકરીબીઝનેસ માટે આવતી મહીલાઓ માટે મ્યુનિ. એસજી હાઈવે પર વાયએમસીએ કલબ પાસે શહેરની પ્રથમ વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવાશે. બે માળની હોસ્ટેલમાં પ્રત્યેક માળે ૨૩-૨૩ રૂમ હશે. એક રૂમમાં બે મહીલા રહી શકશે. દિવાળી પછી હોસ્ટેલ નિર્માણનું કામ શરૂ થશે. ૮.૮૩ કરોડના ખર્ચે આ હોસ્ટેલ બે વર્ષમાં બની જશે. મ્યુનિ.ના એક અધિકારીના જણાવ્યા અનુસાર અન્ય શહેરો અનો જીલ્લાઓમાંથી મોટી સંખ્યામાં મહીલા નોકરી-વ્યવસાય માટે અમદાવાદમાં સ્થાયી થવા આવે છે. પણ તેમના રહેવા માટે એકપણ હોસ્ટેલ નથી. વર્કીંગ વુમનને સુરક્ષા અને સારી સગવડ મળી રહરે તે માટે આ હોસ્ટેલ બનાવાશે. સંપૂર્ણ એસી હોસ્ટેલમાં ટીવી રૂમ વોર્ડન રૂમ કેરટેકર રૂમ હશે. રૂમનું ભાડું અને પ્રવેશ અંગેના નિયમો મ્યુનિ. પછીથી જાહેર કરાશે.

## અંબાજીમાં બદલાયો દર્શન અને આરતીનો સમય

પાલનપુર, નવરાત્રીને લઈને રાજયના વિવિધ મંદિરોમાં માતાજીના દર્શન તેમજ આરતીના સમયમાં ફેરફાર કરાયો છે. ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજી માતા મંદિર, અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર આસો સુદ-૧ (એકમ) તારીખ ૩ ઓક્ટોબર, ગુરુવારના રોજથી આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર થયાની જાણ કરવામાં આવી છે. માં અંબાના દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી ટ્રસ્ટ દ્વારા અંબાજી મંદિરમાં કરવામાં આવતી આરતી અને દર્શનનો સમય જાહેર કરાયો છે. આવતી કાલે આસો સુદ - ૧ (એકમ) ગુરૂવાર તા. ૦૩/ ૧૦/૨૪ના રોજથી માતાજી ની આરતી તથા દર્શનનો સમય મા ફેરફાર કરવામાં આવ્યો છે, અને અંબાજી મંદિર મા આવતીકાલે ઘટ સ્થાપન આસો સુદ૧(એકમ) ગુરૂવાર ના સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. નવરાત્રી દરમિયાન ભક્તોને આરતી અને દર્શનનો લાભ મળી રહે તે માટે અંબાજી ટ્રસ્ટ વિશેષ આયોજન કરે છે. આસો સુદ-૧(એકમ) ગુરૂવારે સવારે આરતીનો સમય ૦૭:૩૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી રાખવામાં આવ્યો છે. સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઘટસ્થાપન થશે. બપોરે ૧૨:૦૦ કલાકે મા અંબાને રાજભોગ ધરાવવામાં આવશે. ભક્તો સવારે ૦૮:૦૦ થી ૧૧:૩૦ સુધી તથા બપોરે ૧૨:૩૦થી સાંજે ૧૬:૧૫ સુધી મા અંબાના દર્શન કરી શકશે. સાંજે આરતીનો સમય ૧૮:૩૦થી ૧૯:૦૦ સુધીનો રહેશે. ભક્તો સાંજે ૧૯:૦૦થી ૨૧:૦૦ વાગ્યા સુધી માના દર્શન કરી શકશે. આસો સુદ-૮ (આઠમ) તા. ૧૧/ ૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાકનો રહેશે. ઉત્થાપનનો સમય સવારે ૧૦:૦૦ કલાક સુધીનો રહેશે. આસો સુદ ૧૦-વિજયા દશમી (સમીપુજન)તા. ૧૨/૧૦/ ૨૦૨૪ ના સાંજે ૦૫:૦૦ કલાકે દુધપૌઆનો ભોગ ધરાવવામાં આવશે. તા.૧૬/ ૧૦/૨૦૨૪ના બુધવારના રોજ રાત્રે ૧૨:૦૦ કલાકે કપુર આરતી કરવામાં આવશે. આસો સુદ-૧૫(પુનમ) તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ આરતીનો સમય સવારે ૦૬:૦૦ કલાક સુધીનો રહેશે. તા. ૧૮/ ૧૦/૨૦૨૪થી દર્શન તથા આરતીનો સમય રાબેતા મુજબ રહેશે.




## અમદાવાદમાં ફાયર NOC કારણે

# એક પણ મોટા નવરાત્રિ આયોજનને નથી અપાઈ મંજૂરી

અમદાવાદઃ આવતીકાલથી નવલા નોરતાની શરૂઆત થઈ રહી છે. ત્યારે નવરાત્રી આયોજનને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. જેમાં શહેરમાં એકપણ મોટા નવરાત્રી આયોજનને મંજૂરી આપવામાં આવી ન હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેરમાં એક પણ મોટા નવરાત્રી આયોજનને મંજૂરી અપાઈ ન હોવાનું સામે આવ્યું છે. પોલીસ વિભાગ તરફથી એક પણ ગરબા આયોજક મંજૂરી આપવામાં આવી નથી. અમદાવાદમાં અત્યાર સુધીમાં પોલીસ વિભાગ પાસે ૮૨ જેટલી અરજીઓ આવી છે. આ અરજીમાંથી એકપણ અરજીમાં ફાયર NOC ન હોવાથી મંજૂરી આપવામાં આવી નથી.

જો કે આ આયોજકોને ફાયર વિભાગે હજી સુધી NOC કેમ નથી આપી એ પણ મોટો સવાલ છે. જો કોઈ કારણસર મોટા આયોજનને પોલીસ મંજૂરી નહીં આપે તો આયોજકોને કરોડો રૂપિયાનું નુકસાન થશે, સાથે જ હજારો ખેલૈયાઓ રઝળી પડશે. તમને જણાવી દઈએ કે હજુ ગઈ કાલે જ અમદાવાદ પોલીસ દ્વારા ગાઈડલાઈન જાહેર કરવામાં આવી હતી. જેમાં CCTV કેમેરા, વોચ ટાવર લગાવી તેમજ પાર્કિંગ જેવી જગ્યાઓ પર ખાસ તકેદારી રાખવી પડશે એવું જણાવાયું હતુ. ઉપરાંત અત્યાર સુધીમાં અમદાવાદ શહેર પોલીસને ગરબાનાં આયોજન માટે ૮૦ જેટલી અરજીઓ મળી છે, જેની મંજૂરીની પ્રક્રિયા શરૂ હોવાનું પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતુ. જો કે હવે છેલ્લી ઘડીએ પોલીસ દ્વારા નવરાત્રી આયોજનની મંજૂરીને લઈને ધડાકો કરતા ગરબા આયોજકોની સાથે ખેલૈયા પણ મૂંજાયા છે.

અમદાવાદ શહેર પોલીસે જાહેર કરાયેલી માર્ગદર્શિકા

- અમદાવાદ શહેર પોલીસે જાહેર કરાયેલી માર્ગદર્શિકામાં ગરબાના સ્થળે સુરક્ષા, સીસીટીવી અને અગ્નિશમન સહિતના આયોજનોની જવાબદારી આયોજકોની રહેશે તેમ સ્પષ્ટપણે કહ્યું છે. નવરાત્રી મહોત્સવમાં આયોજકો અને વ્યવસ્થાપકો માટે જારી કરાયેલી સુચના મુજબ, તમામ આયોજકોએ ગરબીની સ્થાપના આયોજનો અડચણ કે અવરોધ ન થાય તે રીતે કરવા ઉપરાંત પાર્કિંગની વ્યવસ્થા કરવાની રહેશે.
- વ્યાવસાયિક આયોજનોમાં એન્ટ્રી અને એક્ઝિટ ગેટોની સંખ્યા વધુમાં વધુ કરવાની રહેશે.
- દરેક દરવાજા ઉપર સિક્યોરિટીના માણસો રાખવા ઉપરાંત અલગથી ઈમરજન્સી ગેટની વ્યવસ્થા કરવા તાકીદ કરાઈ છે.
- ગરબાના સ્થળોએ લોકોની સલામતી, મહિલા સુરક્ષા, ટ્રાફિકની જાળવણી ઉપરાંત કોઈપણ પદાર્થના સેવન કરીને આવેલી વ્યક્તિ અંદર પ્રવેશે નહીં તે સ્પષ્ટ કરવા
- એક-એક જવાબદાર વ્યક્તિની નિમણુંક કરી તેમના નામ-સરનામા અને મોબાઈલ નંબર પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે.
- એન્ટ્રી ગેટ ઉપર મેટલ ડિટેક્ટર વાળા પ્રવેશદ્વાર, બ્રેથ એનેલાયઝર, ગરબાના પ્રવેશ અને રમવાના સ્થળોએ સીસીટીવીની વ્યવસ્થા કરવાની રહેશે
- કોઈ વ્યક્તિ બેગ કે અન્ય વસ્તુ લઈને આવે તો ચકાસણી કરવી અને તેને ટોકન આપીને જમા કરવી, ગ્રાઉન્ડ ઉપર લઈ જવા નહીં દેવાની ખાસ તાકીદ કરવામાં આવી છે
- ગરબામાં રમનાર અને જોનારા વચ્ચે મજબૂત બેરિકેડિંગ કરવા પણ આદેશ કરાયો છે. કોઈપણ આયોજકોએ સ્થળની ક્ષમતા કરતાં વધુ પ્રમાણમાં ટિકિટ કે પાસનું વેચાણ કે વિતરણ કરવા નહીં.
- વીજળી ગુલ થાય તો જનરેટર કે વૈકલ્પિક વ્યવસ્થા રાખવી.
- સ્ટેજની મજબૂતાઈ માટે PWDનું પ્રમાણપત્ર મેળવવું. ગરબામાં ૧૨ વાગ્યા સુધી જ માઈક વગાડી શકાશે અને સમયમર્યાદામાં ગરબા પુરા કરવા સાથે સુપ્રિમ કોર્ટના નિર્દેશોનું પાલન કરવા તાકીદ કરવામાં આવી છે
- ગરબામાં દિવસ દરમિયાન પણ સુરક્ષા વ્યવસ્થા રાખી વોચ ટાવરથી નજર રાખવી.
- કોઈ નેતા કે અન્ય વ્યક્તિ ઉશ્કેરણી ન સર્જે તેની તકેદારી લેવાની પણ સુચના અપાઈ છે.


# ટ્રાફિકના નિયમોના અમલને લઈને લોકો છે બેપરવાઃ ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ : રાજ્યમાં વધી રહેલા અકસ્માતોને લઈને વારંવાર હાઈકોર્ટનો સંપર્ક કરવામાં આવ્યો છે. જો કે, હાઈકોર્ટના આકરા વલણના કારણે અમદાવાદમાં તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. હેલ્મેટ વગરના વાહનચાલકો કે ખોટી દિશામાં વાહન ચલાવનારાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદના ઈસ્કોન બ્રીજ, શેલા બ્રીજ, વકીલ બ્રીજ,પાસે પણ લોકો બેફામ રીતે વાહન ચાલવતા જોવા મળે છે. લોકો હેલ્મેટ પહેરતા નથી. તો નિયમો નેવે મૂકી બેફામ રીતે રોંગસાઈડમાં વાહન ચલાવે છે આ કાર્યવાહી ચાલી રહી હોવા છતાં વાહનચાલકો આડેધડ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતા જોવા મળે છે. અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ, શેલા બ્રિજ અને વકિલી બ્રિજ પાસે પણ લોકો બેદરકારીપૂર્વક વાહન ચલાવતા જોવા મળે છે. લોકો હેલ્મેટ પહેરતા નથી. તેથી, નિયમોની અવગણના કરવામાં આવે છે અને રોડની રોંગ સાઈડ પર વાહનો ચલાવવામાં આવે છે. જ્યારે ડ્રાઈવરોને તેમની સલામતી વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ કહ્યું કે તેઓ અકસ્માત માટે જવાબદાર છે. પરંતુ જ્યારે પણ અકસ્માત થાય છે ત્યારે અમે તંત્રને જવાબદાર ગણીએ છીએ. આ પછી, એક જવાબદાર નાગરિક તરીકે નિયમોનું પાલન કરવું એ આપણી ફરજ છે, લોકોએ બેદરકારી અને બહાના વગર નિયમોનું પાલન કરવું જોઈએ. ગુજરાત હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે ટુ-વ્હીલર પર સવારો માટે હેલ્મેટ ફરજિયાત બનાવવી જોઈએ. પરંતુ અમદાવાદ શહેરમાં હજુ સુધી તેનો અમલ થયો ન હોવાનું જણાય છે. હાલમાં લોકો દંડ ભરવા તૈયાર છે પરંતુ નિયમોનું પાલન કરતા નથી. જો કે નવરાત્રિ દરમિયાન હેલ્મેટ પહેરવાના નિયમોનું ચુસ્તપણે પાલન થાય છે કે કેમ તે જોવાનું રહે છે.

# અશાંતિના વાદળોથી ઘેરાયેલા વિશ્વને સત્ય અને અહિંસાનો ગાંધીમાર્ગ જ શાંતિ આપશે

### ગુજરાત યુનિવર્સિટી ગાંધી વિચાર પ્રસાર કેન્દ્રના ઉપક્રમે ગાંધીદર્શન- યુવા ચારિત્ર્ય નિર્માણ વિષય પર વ્યાખ્યાન યોજાયું

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટી ગાંધી વિચાર પ્રસાર કેન્દ્રના ઉપક્રમે ગાંધીદર્શન- યુવા ચારિત્ર્ય નિર્માણ વિષય પર વ્યાખ્યાન આપતા ગુજરાત વિદ્યાપીઠના ગાંધી વિચાર દર્શન વિભાગના અધ્યક્ષ ડો. પ્રેમઆનંદ મીશ્રાએ જણાવ્યું હતું કે આજના સમયમાં યુવાનોએ સતત આત્મનિરીક્ષણ અને આત્મપરિક્ષણના ગાંધીમાર્ગને અનુસરી સ્વભવિષ્યની કેડી કંડારવી પડશે. આધુનિક સંશાધનોએ ઉભી કરેલી વ્યવસ્થાઓ વચ્ચે પણ સત્યના માર્ગને અનુસરવું પડશે. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે અશાંતિના વાદળોથી ઘેરાયેલા વિશ્વને સત્ય અને અહિંસાનો ગાંધીમાર્ગ જ શાંતિ અને પ્રગતિ આપશે. યુવા ભારતનું રાષ્ટ્રીય ચારિત્ર્ય ખૂબજ મહત્વની ભૂમિકા અદા કરી શકશે. ગાંધી જયંતિ ઉજવણીના ઉપલક્ષ્યમાં યોજાયેલ વ્યાખ્યાનના કાર્યક્રમનું સંચાલન ડૉ. દિલીપ ચારણે કર્યુ હતું. આભારવિધી ડો. ફાલ્ગુની પરીખે કરી હતી. આ પ્રસંગે ડો. ધુતિ યાજ્ઞિક, ડો. નીશા રામપાલ, ડૉ. યોગેશ પારેખ, એચ.કે. ઠાકર, ડો. કૌશિક રાવલ, ડૉ. અશ્વિન ભાવસાર, નીલાંગી પટેલ, શ્રી બળદેવભાઈ પટેલ, પ્રા. નુસરત શેખ, માયાબેન તીવારી વગેરે હાજર રહયા હતા. પ્રો. રોનીકાબોઝ, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષકો શ્રી પ્રેમસીંહ ક્ષત્રિય, રેખાબેન દેસાઈ, પૌલોમીબેન મહેતા, નીલેશ ભાવસાર તેમજ મોટી સંખ્યામાં યુવા છાત્ર-છાત્રાઓ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત યુનિવર્સિટી એચ.કે. સેન્ટરના સ્ટાફ છાયાબેન, સુશીલાબેન, લાયબ્રેરીના અક્ષરભાઈ વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.